## જન્મદિને વધામણી



**શીરીન સૈયદ**
માહિતી મદદનીશ,
માહિતી ખાતું, ગાંધીનગર
મો. ૯૭૨૫૨૦૩૪૩૯



**જયેશ દોષી**
જૈન સોશિયલ ગૃપ
મો. ૯૮૨૫૪ ૩૨૨૧૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# કડી પરિસરના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત તાલીમ વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૯

સંસ્કૃત સુભાષિત વર્ગો દ્વારા સમાજને સંસ્કૃત અને સંસ્કૃતિ સાથે જોડી શકાય તેમજ વિદ્યાર્થીઓમાં વ્યવહાર અને સદાચારના ગુણોનો વિકાસ થાય તે હેતુથી ભારતીય શિક્ષણ મંડળ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી સંસ્કૃત તાલીમ વર્ગો ગાંધીનગર ખાતે ચાલી રહ્યા છે.

હાલ આ વર્ગો કડી કૅમ્પસના વિદ્યાર્થીઓ પૂરતા મર્યાદિત રાખવામાં આવ્યા છે. રવિવારે ફાર્મસી કૉલેજ ખાતે યોજાતા આ વર્ગોમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓને મોબાઈલ નંબર ૯૮૨૫૯ ૯૨૧૯૭ અથવા ૯૪૨૮૪ ૧૫૩૨૦ના માધ્યમથી સંપર્ક સાધવા માટે ભારતીય શિક્ષણ મંડળના સંયોજક અંબાલાલ પ્રજાપતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સીએસઆરના ભાગરૂપે કૉર્પોરેટ્સ દ્વારા દિવ્યાંગો માટે ૨૦૦ કરોડની સહાય

ગાંધીનગર, તા. ૯

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ના ભાગરૂપે કોર્પોરેટ કંપનીઓએ છેલ્લાં બે વર્ષમાં આશરે ૧૮,૦૦૦ કરોડનું યોગદાન આપ્યું છે તેમાંથી લગભગ રૂપિયા ૨૦૦ કરોડ દિવ્યાંગોને સહાય માટેના કાર્યોમાં અપાયા છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ)ની સીએસઆર કમિટી દ્વારા યોજાયેલા 'સીએસઆર ફોર સ્પેશિયલી એબલ્ડ પીપલ' અંગેના સેમિનારમાં voiceofsap.rog ના સ્થાપક અને દિવ્યાંગો માટે એક્સેસિબિલિટી વધારવા માટે કાર્યરત પ્રણવ દેસાઈએ જણાવ્યું હતું કે, 'અમે એક મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરી છે, જેના આધારે દિવ્યાંગો માટે યોગ્ય ડિઝાઈન ધરાવતા જાહેર બિલ્ડીંગોની ડેટાબેન્ક તૈયાર કરાઈ છે. સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ઔદ્યોગિક સાહસો દિવ્યાંગો માટે મહત્ત્વપૂર્ણ સીએસઆર કરી રહ્યા છે.'

અંધજન મંડળના એક્ઝિક્યુટિવ સેક્રેટરી ભૂષણ પુનાણીએ જણાવ્યું હતું કે, 'છેલ્લાં બે વર્ષમાં સીએસઆર માટે કોર્પોરેટ કંપનીઓએ રૂપિયા ૮,૦૦૦ કરોડ ફાળવ્યા હતા તેમાંથી દિવ્યાંગો માટે ૧૨૦૦ કરોડ હતા. દિવ્યાંગો માટે ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ ઘણા મહત્ત્વના કાર્યો માટે સીએસઆર કરે છે. સરકારે ધ રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ અંતર્ગત એવી જોગવાઈ કરી છે કે આગામી પાંચ વર્ષમાં જે જાહેર બિલ્ડિંગો (મોલ, બેન્કો સહિતના લોક-વપરાશના જાહેર બિલ્ડિંગો) દિવ્યાંગો માટે સુગમ નહીં બને તો જેલની સજા થઈ શકે છે.

# રાષ્ટ્રકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલની કૃતિ પસંદ




## 'સ્માર્ટ સાઈકલ'ની આ કૃતિ આજે ભોપાલ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યકક્ષાનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શન મેળો ગોધરા મુકામે તાજેતરમાં યોજાયો હતો, જેમાં રાજ્યમાંથી ૩૫૦ જેટલી કૃતિઓ સામેલ થઈ હતી. આ વિજ્ઞાનમેળામાંથી રાષ્ટ્રીય વિજ્ઞાન મેળો જે ભોપાલ ખાતે યોજાનાર છે તેમાં ૯ કૃતિઓ પસંદગી પામી હતી, જેમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી શાળાના હાયર સૅકંડરી વિભાગની કૃતિ 'સ્માર્ટ સાઈકલ' પસંદગી પામી હતી.

ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજ્યમાંથી વાહન વ્યવહાર વિભાગમાંથી આ એકમાત્ર કૃતિ પસંદગી પામી હતી. કૃતિ તૈયાર કરવામાં શાળાના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી કર્તવ્ય વી બરોડિયા અને માર્ગદર્શક શિક્ષક ભાવિકભાઈ એસ પટેલે જહેમત ઊઠાવી હતી, જેમને સમગ્ર શાળા પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન સહ શુભકામનાો પાઠવવામાં આવી છે.

આ કૃતિ તા. ૧૦ નવેમ્બર ને શુક્રવારના રોજ રાષ્ટ્રીય કક્ષાએ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે.

# શનિવારે ગાંધીનગર ટાઉનહૉલમાં 'શ્રી રામનાટકમ' નૃત્યનાટિકા

ગાંધીનગર, તા. ૯

વેસ્ટ ઝોન કલ્ચરલ સૅન્ટર, ઉદેપુર, કલા ગુર્જરી, ગાંધીનગર અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સંત તુલસીદાસ રચિત રામચરિત માનસ પર આધારિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરતી સંગીતમય નૃત્યનાટિકા 'શ્રી રામનાટકમ્' શનિવારે પ્રસ્તુત થઈ રહી છે.

કલાગુર્જરીના પ્રમુખ ઍન પી પટેલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ડોલી દેસાઈ ઠક્કરની પરિકલ્પના, સંકલન અને નૃત્ય દિગ્દર્શનથી તૈયાર થયેલ આ 'શ્રી રામનાટકમ્' આગામી તા. ૧૧ નવેમ્બર ને શનિવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે પ્રસ્તુત થશે.

## શ્રી સરઢવ કેળવણી મંડળ અમૃત મહોત્સવ અંતર્ગત

# ૧૭મીએ પૂ. શ્રી છગનભા સ્મૃતિ વ્યાખ્યાન પર્વ યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળના અમૃત મહોત્સવ-૨૦૧૭ અંતર્ગત શ્રી કડી સર્વ વિશ્વવિદ્યાલય અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સહયોગથી પૂ. શ્રી છગનભા સ્મૃતિ વ્યાખ્યાન પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ ગિરીશભાઈ નારણભાઈ પટેલે જણાવ્યું છે કે આગામી તારીખ ૧૭ નવેમ્બર ને શુક્રવારના રોજ બપોરના ૩થી ૫ કલાક દરમિયાન શેઠ શામળદાસ મોતીચંદ સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બી પી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, સરઢવ ખાતે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ સમારોહના અધ્યક્ષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન તથા વક્તા તરીકે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ મોહનલાલ બી પટેલ અને અતિથિ વિશેષ તરીકે ગુજરાત નઈ તાલીમ સેવા સંઘના અધ્યક્ષ અને ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ ટ્રસ્ટી ડૉ. મોતીભાઈ મ પટેલ અને શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ ડૉ. કે ટી પટેલ ઉપસ્થિત રહેશે. સૌ શિક્ષણ, સમાજસેવા પ્રેમીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહી વ્યાખ્યાનનો લાભ લેવા મંડળ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રીમતી ઍમ બી પટેલ પ્રાઈમરી સ્કૂલનું ગૌરવ

## રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં સ્કૂલ પહોંચી

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૮ની વિદ્યાર્થીની બહેનોની કબડ્ડીની ટીમે તાજેતરમાં રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાવનગર ખાતે ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ ટીમને શાળાના વ્યાયામ શિક્ષક દક્ષાબેન પટેલે તાલીમ આપીને તૈયાર કરી હતી. શાળાનાં આચાર્ય નીરૂબેન જે પટેલે સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા ટીમ અને તાલીમ આપનાર શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મતદાર જાગૃતિ માટે ૫૦ લાખ વાલીઓના સંકલ્પ પત્રો મેળવશે

# ચૂંટણી પંચ ૭૫ લાખ પેમ્ફલેટનું વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભાની ૯મી અને ૧૪મી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણીમાં મતદાન વધે તે માટે ચૂંટણી પંચે મતદાર-જાગૃતિના પ્રયાસો અને પ્રયત્નો શરૂ કરી દીધા છે. જેના ભાગરૂપે પ્રાથમિક અને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના ૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને બે પાનાનું સંકલ્પ પત્ર આપી તેના ઉપર તેમના વાલીઓની સહી કરાવી તેને પરત લેવાનું નક્કી કરાયું છે. એવી જ રીતે ૭૫ લાખથી વધુ મતદારોમાં પેમ્ફલેટનું વિતરણ કરાશે. સ્ટેટ-ડિસ્ટ્રિક્ટ ઈલેકશન આઈકોન દ્વારા પણ મતદારોમાં જાગૃતિ માટેના પ્રયત્નો કરાશે. આ વખતે સર્વિસ મતદારોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી પોસ્ટલ બેલેટ મોકલવા માટે ઈટીપીબીએસ (ઈલેકટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ) પ્રણાલી અમલી બનાવવાનો નિર્ણય થયો છે. રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર બી.બી.સ્વૈને જણાવ્યું હતું કે, ૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને બે પાનાનું સંકલ્પ પત્ર અપાશે. જેમાં મતદારયાદીમાં નામ નોંધણી, કુટુંબના બધા મતદારોને કોઈપણ જાતની લાલચ-દબાણમાં આવ્યા વગર મતદાન કરવા તથા તેઓ જો કોઈને મત આપવા ન ઈચ્છતા હોય તો નોટા (નન ઓફ ધ અબોવ)નો ઉપયોગ કરવા અંગેની જાણકારી અપાશે. દરેક શાળાઓમાં વિદ્યાર્થીઓને આ મુજબની સમજ આપીને તેમના દ્વારા તેમના વાલીઓને મતદાન કરવા બાબતે સંકલ્પ લેવડાવાશે. સંકલ્પ પત્રના એક પાના ઉપર વિદ્યાર્થીઓના માતા-પિતાની સહીઓ કરાવીને તે પક્ષ શા?ળાઓમાં પરત લેવડાવાશે. બાકીનું પાનું વાલીઓને પાસે રખાશે. આ સંકલ્પ પત્રના માધ્યમથી ૫૦ લાખથી વધુ પરિવારોને ઈવીએમ-વીવીપેટની જાણકારી તો મળશે પણ તેઓ મતદાન કરવા માટે પણ પ્રેરાશે. આ ઉપરાંત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં અંદાજે ૭૫ લાખથી વધુ પરિવારોને ઈવીએમ અને વીવીપેટ અંગેની જાણકારી આપતા પેમ્ફલેટનું વિતરણ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા અન્ય એક એવો પણ નિર્ણય લેવાયો છે કે, યુવા મતદારો સોશિયલ મીડિયા ઉપર વધુ સક્રિય છે એટલે પંચે પણ યુ-ટ્યુબ, ટ્વીટર, ફેસબુક સહિતના સોશિયલ મીડિયા પર ચૂંટણી તંત્રના એકાઉન્ટ સક્રિય કર્યા છે. જેના દ્વારા તેઓ યુવાનોને મતાદન માટે પ્રેરણા આપશે અને જરુરી સમજ પણ આપશે.યુવાનોને આકર્ષિત કરવા માટે વિવિધ પ્રકારની પોસ્ટ મૂકશે. ગુજરાત વીલ વોટ નામનું સ્લોગન સોશ્યલ મીડિયા પર લહેતું કરાયું છે. આ રીતે અન્ય ૧૫ લાખ યુવાનોને ચૂંટણી પંચ સાથે જોડવામાં આવશે. મતદાર યાદીના છેલ્લા ભાગમાં નોંધાયેલા મતદારો એટલે કે સશ્ત્ર દળો, અન્ય રાજ્યોમાં ફરજ બજાવતાં ગુજરાતના સશ્ત્ર દળો, ભારત સરકાર હેઠળના દૂતાવાસમાં ફરજ બજાવતા કર્મીઓ, પોતાનો વોટ બોસ્ટલ બેલેટથી આપે છે. આવા પોસ્ટલ બેલેટથી વોટ આપવાની પધ્ધતિમાં હવે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

# ચૂંટણીની મોસમ આવી, વચનોની લ્હાણી લાવી

આઝાદીના અસ્તિત્વ માટે લોકશાહી અને તેના સ્વરૂપને ટકાવવા ઈલેક્શન વિના ચાલે તેમ નથી. મતલબ કે આ ચૂંટણીની પ્રક્રિયાનો હજી કોઈ નક્કર વિકલ્પ મળ્યો નથી. 'આઝાદ હોવું' એ જ એક મોટી ઉજવણી છે પરંતુ આઝાદ થવું તેનો અહેસાસ થવો અને તેના માટે લાયક થવું એ સૌથી મોટી અગ્નિપરીક્ષા બની રહે છે. આપણું લોકતંત્ર વિશાળ અને વિસ્તૃત વિસ્તાર ઉપર આટલી આબાદી અને દેશમાં બારેમાસ અવિરત ચૂંટણીઓ ચાલ્યા જ કરે છે. રાજ્યોની ચૂંટણીઓમાં જીતવું એ બહુ મોટી બાબત થઈ ગઈ છે. લોકશાહી ઉપલબ્ધ થઈ છે પરંતુ બહુધા આપણે તેના માટેની યોગ્યતા ધરાવતાથયા નથી. વિવિધતાપૂર્ણ વિશાળ રાષ્ટ્રમાં ઐક્ય સાથે વિકસવું એ એક સિદ્ધિ જ ગણી શકાય. ચૂંટણીનું મહત્ત્વ એટલા માટે છે કે પ્રજા પોતાના મત દ્વારા જનાદેશ આપે છે અને જે જીતી જાય એ શાસન સંભાળે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રજાના પ્રતિનિદિઓ પ્રજા માટે નિયત સમય સુધી સત્તા પર રહીને લોકો જે ઝંખે છે તે કાર્યો કરે અને એ રીતે સુંદર શાસન પ્રાપ્ત થાય. મત આપવો એ મહત્ત્વનું કદમ બની રહે છે. હવે પ્રશ્ન એ આવે છે કે મતદાન કરવું તો કોને અને શા માટે? ચૂંટણી સમયે નેતૃત્ત્વ સતર્ક થઈ જાય, અન્ય પક્ષો પણ જાગતા ભાગતા દોડતા બોલતા થઈ જાય છે. અને ચારે તરફથી મોટા મોટા પ્રવચનોથી વચનોનો વરસાદ પડવા લાગે છે.

જ્યાં નદી જ ના હોય ત્યાં મોટા ડેમ બાંધવાના વાયદા કરે એ નેતા, એવું કહેવામાં આવે છે. વચનો ચૂંટણી ઢંઢેરામાં પણ આપવામાં આવે છે કે જેથી લોકોને ખ્યાલ આવે છે કે ભવિષ્યમાં કયા કયા કાર્યો કરવાને અગ્રતા અપાશે. વચન આપવામાં કોણ દરિદ્ર રહે? વચનપાલનની વાત તો સત્તા ચાલુ રહે કે મળે તેના ઉપર જ ટકે છે. ઈલેક્શન મેનિફેસ્ટોથી ગમે તેવા વચનો કે આશ્વાસનો આપવા



કેટલા ઉચિત હોય છે ? તે મૂળ સવાલ છે. અત્યારે ગુજરાતમાં ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ખૂબ જ જોરશોરથી પ્રચાર-પ્રસાર-સભા અને રેલી વગેરેનાં આયોજનો



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

થઈ રહ્યાં છે જે તદ્દન સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ આ વખતે શાસકપક્ષને વધુ પરિશ્રમ કરવાના દિવસો શા માટે આવી ગયા તે માટે મનોમંથન સંલગ્ન લોકો જરૂર કરશે. પ્રજાની ઝંખનાઓ-આશાઓ પૂરી કરવામાં ક્યાં ભૂલ થઈ કે શું ભૂલી ગયા એ માટે આત્મચિંતનના આ મહામૂલા દિવસો છે. ગમે તે હોય પણ વચનપાલનની કચાશ ઈલેક્શન વખતે સપાટી ઉપર આવતી જ રહે છે. નોટબંધી, જીએસટી, બેરોજગારી, બાળમૃત્યુ, નિષ્ક્રિય વહીવટી તંક્ષ, કૃષિકારોના વિવિધ પ્રશ્નો - આ બધા જ તત્ત્વો લોકોને કઈ તરફ અને શા માટે જવું તેની માનસિકતાને ઊભી કરશે. વચન આપવું અને તેને નિભાવવું એ બંનેમાં એકરૂપતા હોય તો ચૂંટણી ખતે દોડવાનું, રઘવાયા થવાનું, ક્રોધિત થવાનું રહેતું નથી એ સ્પષ્ટ બાબત છે. માત્ર આરોપ અને પ્રતિ આરોપની પ્રક્રિયાથી લોકતંત્ર ઉદાસ, હતાશ અને બિમાર થઈ જાય છે. મુદ્દા આધારિત તર્કસંગત વાતો લોકોને અવશ્ય ગળે ઉતરશે પણ જાતિ-જ્ઞાતિ કે અન્ય હથકંડાઓ આપણા સૌના ભાવિને ભસ્મ કરી જાય છે. ભારત જેવો દેશ વિશ્વમાં એક પણ નથી તેમ છતાં અહીં લોકો શા માટે સંતુષ્ટ નથી? ઈશ્વરની કૃપાથી રાષ્ટ્ર ભરપૂર છે પણ માનવ આયોજન અને અમલીકરણથી આપણે અંદરથી ધીમા તાપે સળગી રહ્યા છીએ, શાસક હોય કે વિપક્ષ - બધાએ રાષ્ટ્રને યાદ રાખવો જ પડશે. વાદ વિવાદના વાવાઝોડામાં આપણી સંસ્કારિતા, ગરિમા અને પ્રતિષ્ઠા નષ્ટ થઈ જાય એ ભાવિ માટે બહુ જ અનિચ્છનિય છે. ઈલેક્શન મેનિફેસ્ટોને કાનૂનના દાયરામાં લાવો અને એ મુજબ કાર્યો ન થાય તો કાયદાકિય દ્દષ્ટિએ જવાબદારી તય કરવામાં આવે તો સ્થિતિ કદાચ સુધરી શકે. રાષ્ટ્રના ભય, ભૂખ અને ભ્રષ્ટાચારમાં કમી આવે તે ખૂબ જ ઈચ્છનીય છે. દેશનું યુવાધન અપરાધ અને આતંકના માર્ગે ના ફંટાય તે માટે જૉબ ક્રિએશન આવશ્યક બન્યું છે.

લોકો માત્ર હયાતીનો ઉત્સવ ઉજવતાં રહેશે તો લોકશાહીનો અર્થ સરશે નહીં. વાસ્તવમાં દેશ વિકસિત થાય તો સવાલો આપમેળે જ બંધ થશે. અજંપો, હતાશ માહોલને ખાળવા માટે જરૂરી નથી કે હલ શોધવાના બદલે અન્ય સમીકરણોને શોધવાં કે બનાવવાં - કામ બોલે ત્યારે કશું જ સાબિત કરવાનું રહેતું નથી. લોકશાહીનાં સાચા સ્વરૂપને જીવંત રાખવા પ્રજાએ પણ યોગદાન કે બલિદાન માટે તૈયાર રહેવું પડે છે. દેશ માટે મેં શું કર્યુ? એ પ્રશ્ન પ્રત્યેક માટે દિશા ચિંધનાર છે. ગુજરાતની ગરિમા અને સલામતી જળવાઈ રહે તે રીતે બહુ જ ઉમદા વ્યવહાર, બોલી અને વર્તનથી આ ચૂંટણી જો થાય તો પ્રજા પમ યોગ્ય રીતે મતાધિકારથી પોતાના મનની વાતને જરૂર મૂકશે. રાજકારણમાં બીજા કાદવ અને મલિનતા નાખવાથી પ્રજા અંતે પરેશાન થશે, એ વાત દરેકે સમજી લેવાની જરૂર છે.

**શેર આસ્વાદ**

માણસથી મોટું કોઈ નથી
તીર્થ પ્રેમનું
હું છું પ્રથમ મુકામ
લે મારાથી કર શરૂ
(રમેશ પારેખ)



ડેઈલી કરંટ
દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ કઈ તારીખે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૭ નવેમ્બર
(બી) ૮ નવેમ્બર
(સી) ૯ નવેમ્બર
(ડી) ૬ નવેમ્બર

(૨) કેન્દ્રીય રક્ષા મંત્રાલયે ગુજરાતમાં કયા સ્થળે નવું વાયુ સેના મથક બનાવવા સહમતી આપી છે ?
(એ) અંબાજી (બી) ડીસા
(સી) ખેડબ્રહ્મા (ડી) નડાબેટ

(૩) તાજેતરમાં બેલ્જિયમના રાજા જે ભારતની મુલાકાતે આવ્યા છે તેમનું નામ શું છે ?
(એ) કિંગ ફિલીપ્પે (બી) કિંગ સોલોમન
(સી) કિંગ જોસેફ (ડી) કિંગ એવન

(૪) કોમનવેલ્થ શૂટીંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ખેલાડી કોણ છે ?
(એ) સત્યેન્દ્રસિંહ (બી) વિજેન્દ્રસિંહ
(સી) રાજેન્દ્રસિંહ (ડી) અજયરાજ સિંહ

(૫) દેસના પ્રથમ મતદાતા જે આ વર્ષે હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં ૨૯મી વખત મતદાન કરશે તેમનું નામ શું છે ?
(એ) શ્યામ વિજય નેગી (બી) શ્યામ ચંદ્રશેખર મટ્ટુ
(સી) શ્યામ શરણ નેગી (ડી) શ્યામ વિજયેન્દ્ર મટ્ટુ

(૬) દુનિયાની સૌથી મોટી રંગોળી હાલમાં ભારતના કયા શહેરમાં બનાવવામાં આવી છે ?
(એ) જયપુર (બી) બેંગ્લોર
(સી) દિલ્હી (ડી) શિમલા

(૭) તાજેતરમાં ડીઆરઓ દ્વારા કઈ સબ સોનિક ક્રૂઝ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(એ) શક્તિ (બી) પૃથ્વી
(સી) નિર્ભય (ડી) અગ્નિ

(૮) ગુજરાતની કઈ યુનિવર્સિટીને 'યુનો'ની સામાજિક જવાબદારી અંગેની બૌદ્ધિક શૈક્ષણિક અસરોની સમિતિમાં સભ્યપદ મળ્યું છે ?
(એ) ગુજરાત યુનિ. (બી) જીટીયુ
(સી) સેપ્ટ યુનિ. (ડી) રક્ષા શક્તિ યુનિ.

(૯) ઓસ્ટ્રેલિયાના કયા ડેપ્યુટી પ્રધાનમંત્રીને બેવડી નાગરિકતા મુદ્દે બરતરફ કરવામાં આવ્યા છે ?
(એ) બારનાજી રમાડો (બી) બાલવીન સોરવીન
(સી) બિલમોન યુનાવો (ડી) બારનાબી જોએસને

(૧૦) ૨૦૧૭માં જાપાન સરકાર દ્વારા ભારતીય મૂળના કયા પ્રૉફેસરને ઑર્ડર ઑફ ધ રાઈઝીંગ સન ઍવોર્ડ આપવામાં આવ્યો છે ?
(એ) રવિ ચોપરા (બી) રાજ શાહ
(સી) મયુર અરોરા (ડી) વિજય આનંદ